## પ્રેમ કરો બાર પર્વ આરાધના



# પોષ દશમી પર્વ


પ્રેરક : શ્રી પ્રેમ ગુરૂ કૃપાપાત્ર શિષ્યરત્ન પ.પૂ.આ.ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

પ્રકાશક


શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર



શ્રી જીરાવલાપાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભક્તિપાર્શ્વનાથ ભગવા




શ્રી ભગવતી સરસ્વત્યૈ નમઃ

॥ શ્રી જીરાવલા-શંખેશ્વર-ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ॥
॥ શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ ગુરુભ્યો નમઃ ॥

# પ્રેમે કરો
# બાર પર્વ આરાધના

## શ્રી પોષ દશમી આરાધના સંગ્રહ




પ્રેરક : તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય રત્ન પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી રત્નશેખર વિજયજી ગણિવર (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

સંપાદક : પ.પૂ. મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા.


ઉપયોગ :- પ્રભુભક્તિ અને સ્વાધ્યાય


• પ્રકાશક •

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ
(શંખેશ્વર)
ફોન : ૦૨૭૩૩-૨૭૩૩૨૫, ૨૭૩૪૪૪.

## • નિમિત્ત •

તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના પ્રણેતા પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના તપાગચ્છાધિપતિ પદ પાટોત્સવે તથા ૭૫ વર્ષના સંયમ જીવનના હીરક મહોત્સવે અને આચાર્યપદ પ્રદાન મહોત્સવે...

વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)

તા. ૭-૫-૨૦૦૬, રવિવાર


**આવૃતિ** : પ્રથમ

**નકલ** : ૧૦૦૦

**ટાઈપસેટીંગ** : જૈનમ્ ગ્રાફીક્સ,
સી-૧૪૧, પહેલા માળે, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
ફોન : ૨૫૬૨૭૪૬૯.

**પ્રાપ્તિસ્થાન** : શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર
જૈન ટ્રસ્ટ - શંખેશ્વર

# પ્રસ્તાવના

શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત, સર્વજ્ઞકથિત, તીર્થંકર પ્રભુએ સ્થાપિત આ જૈન શાસનમાં આત્માની ઉન્નતિ, પ્રગતિ, શુદ્ધિ અને સિદ્ધિ માટે બાર પર્વોની સ્થાપના કરવામાં આવેલ છે, પર્વનો અર્થ જ એ થાય છે કે જે પર્વની આરાધના કરવાથી જીવનમાં રાગ-દ્વેષ-કષાયભાવ પાપ, દોષ આદિનું શમન (ક્ષય) થાય અને આત્માને ક્યારેય કોઈપણ ભવમાં આનંદની અનુભૂતિ ન થઈ હોય એવા પ્રકારના આનંદની અનુભૂતિ પર્વ આરાધના દ્વારા શક્ય બને તેનું નામ પર્વ.

જે આરાધે પર્વ તે જીવ કદી ન કરે ગર્વ, જે ન કરે ગર્વ તે જ આરાધી શકે આ બાર પર્વ

જીવનના ક્ષેત્રમાં દોષોનું દહન, કર્મોનું શમન, પાપોનું પક્ષાલન ન થાય ત્યાં સુધી આત્માને શુદ્ધિ-સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, માટે જ પ્રભુએ જુદા-જુદા પર્વોની આરાધના દ્વારા તપ-ત્યાગના ભાવો ખુબ વધે તે જ માટે આ પર્વોના આયોજન કરેલ છે.

### બીજ પર્વ :

બીજના ચંદ્રમાની પેઠે ખીલતું આત્માનું પુષ્પ સર્વવિરતિ અથવા દેશવિરતિ ધર્મની આરાધના દ્વારા ખીલતો ખીલતો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ અખંડ ચંદ્ર બની આત્મા અખંડ આનંદની અનુભૂતિ કરી શકે માટે આ બીજ પર્વની આરાધના કરવાની છે.

### જ્ઞાન પંચમી અને નેમનાથ જન્મકલ્યાણક પર્વ :

તીર્થંકર પરમાત્માની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ આ પાંચ કલ્યાણકોની આરાધના દ્વારા આત્માને જ્ઞાનના પાંચ ગુણો જે બતાવવામાં આવ્યા છે તે પ્રાપ્ત થાય છે. મતિ-શ્રુત અવધિ-મન પર્યવ અને કેવલ આ પાંચ જ્ઞાન તીર્થંકરોની ભક્તિની શક્તિ દ્વારા પ્રાપ્ત થતાં હોય છે. અને મંદ બુદ્ધિ વાળા જીવો જો આ જ્ઞાનપંચમીની આરાધના કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર બને છે. અલ્પ બુદ્ધિ વાળા જીવો પણ જ્ઞાનની પ્રાપ્તિ વાળા થાય છે માટે જ પંચમી પર્વ બતાવવામાં આવેલ છે.

### અષ્ટમીપર્વ :

મુખ્યત્વે આત્મા સમયે સમયે એક આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મો સતત બાંધે છે, એ આઠે આઠ કર્મોને નષ્ટ કરવા માટે તથા અષ્ટ મહાસિદ્ધિઓના ધારક બનીને આત્મા પરંપરાએ સિદ્ધિદશાને પામી શકે માટે અષ્ટમી પર્વનું વિધાન છે.

### પોષદશમી પર્વ :

આત્માને તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય અને આ ભવમાં તો અવશ્ય સમાધિમરણની પ્રાપ્તિ કરાવી આપે અને પરંપરાએ સદ્‌ગતિનો ભોક્તા બનાવે અને ઉત્તરો ઉત્તર મોક્ષસુખના ફળો પ્રાપ્ત કરાવી આપે એવો જો કોઈપણ પર્વ હોય તો એક માત્ર પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણક પર્વ કે જે આ અવસર્પિણીકાલમાં પુરૂષાદાનીય તથા પ્રકટ પુણ્યશાળી તથા પ્રબલ આદેય નામ કર્મી તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક સંબંધિ પર્વ એટલે આ પર્વ...

### મૌન એકાદશી પર્વ :

મૌન રહેવાથી આત્મામાં શક્તિનું એક જબરદસ્ત સંયમ (સંગ્રહ) થાય છે. વર્ષમાં એક દિવસ ઉપવાસ કરીને તથા મૌન રહીને દરેક દરેક ક્રિયાથી અવશ્ય દોઢસો ગણું લાભ આત્માને પ્રાપ્ત થાય અને સાથે સાથે દોઢસો કલ્યાણકોની ઉજવણી સ્વરૂપે દોઢસો ગણી, ભક્તિનો લાભ પણ પ્રાપ્ત થાય એવો જો કોઈપણ પર્વ હોય તે માત્ર આ મૌન એકાદશી પર્વ. (ઉપવાસ એક અને લાભ અનેક)

### ચૈત્રી પૂનમની આરાધના :

શત્રુંજય પર્વતપર પાંચ ક્રોડ મુનીઓની સાથે મોક્ષ સુખ મેળવનાર એવો કોઈપણ આત્મા હોય તે પુંડરિક સ્વામી ગણધર ભગવંત આ આત્માએ આજના દિને મોક્ષ સુખ પ્રામ કરેલ એવા આત્માની આરાધના દ્વારા જેમ પૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ ખીલે છે ને અખંડ સ્વરૂપને ધારણ કરે છે તેજ રીતે આત્મા આ દિવસે આ પર્વની આરાધના કરે તો અવશ્ય અખંડ આનંદનો રસાસ્વાદને અવશ્ય પામે માટે ચૈત્રી પૂનમ પર્વ બતાવેલ છે.

## ચૌમાસી પર્વ :

ચાર-ચાર માસના ત્રણ વિભાગો અને એમાં પણ ત્રણ અઠ્ઠાઈઓનું વિધાન.

અષાઢી ચૌમાસ થી કારતક ચોમાસી પર્યંત...૧

કારતક ચૌમાસી થી ફાગણ ચોમાસી પર્યંત... ૨

ફાગણ ચૌમાસી થી અષાઢ ચોમાસી પર્યંત... ૩

આ રીતે ત્રણ ચોમાસી પર્વ બતાવવામાં આવેલ છે. ત્રણેય ચોમાસીમાં ફરજિયાત અઠ્ઠાનો વિધાન છે. આ ત્રણેય ચોમાસીમાં જ બાર પર્વોનો પણ સમાવેશ થાય છે, માટે જ આ ચોમાસી પર્વ મુખ્યત્વે ચારે ચાર ગતિના દુઃખોના નિવારણ માટે તથા ચારેય કષાયો પર વિજયતા મેળવવા માટે આ પર્વની આરાધના કરવામાં આવેલ છે.

## પર્વ પર્યુષણ આરાધના પર્વ :

આ પર્વ બારેય બાર પ્રકારના પર્વોમાં જો કોઈપણ પર્વ પર્વાધિરાજ અથવા પર્વોના સમ્રાટ તરીકેનું કોઈ બિરુદ ધરાવતું હોય તો તે એકમાત્ર આ પર્વ છે. આ પર્વ એટલે ક્ષમાપના મહાપર્વ છે. જીવનમાં જો ક્ષમા ભાવ નથી આવતો તો હજુ પર્વ આરાધના તમારાથી દૂર છે, એ સિદ્ધ થાય છે. દરેકે-દરેકે પર્વ રાગ દ્વેષની ગ્રંથિઓને નિર્મૂલ કરવા તથા જીવનમાં ક્ષમાના પુષ્પો ખીલવવા માટેના છે. માટે જ આ પર્વ મુખ્યત્વે સાંવત્સરિક ક્ષમાપના મહાપર્વ તરીકે પણ પ્રખ્યાત છે.

## નવપદ આરાધના સિદ્ધચક્ર મહાપર્વ :

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ આ રીતે નવપદજીનું સંકલન છે. આમાં દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્વો એટલે તત્ત્વત્રયીનો વિનિયોગ પણ છે. આના મુખ્ય આસો તથા ચૈત્ર માસના દિવસોમાં વિશિષ્ઠ રીતે આરાધના થતી હોય છે, આ દિવસો શાશ્વત દિવસો છે. કારણ આ પર્વની આરાધના દરેકે-દરેક તીર્થંકરોના શાસનમાં ફરજિયાત થતી હોય છે. માટે જ નવપદના દિવસે અખંડ આંકજ તરીકે પણ સિદ્ધ થાય છે અને અખંડ આનંદ આપનારા છે.

## દિવાળી પર્વની આરાધના :

આ અવસર્પિણી કાલના છેલ્લા ૨૪ માં તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણક સંબંધિ દિન એટલે દિવાળી પર્વ. પ્રભુ પોતે ભાવ દીવા સમા હતા, પણ નિર્વાણ પામવાથી લોકોએ દ્રવ્ય દિવા પ્રગટ કર્યા, ત્યારથી આ પર્વની શરૂઆત થઈ છે.

આ બારેય બાર પર્વો મુખ્યત્વે તીર્થંકર ભગવંતોએ સ્થાપ્યા છે. આપણાં દરેકે દરેક પર્વોમાં પ્રભુએ તપ-ત્યાગ-સાધના-આરાધના-ઉપાસના ને જ મહત્વ આપ્યું છે. ક્યાંય કોઈપણ પર્વમાં મોજ-શોખ કે એશ આરામની વાત જોવા નથી મળતી. જેમાં તપ-ત્યાગ આરાધના વિ. ના હોય તેને પર્વ પણ ન કહેવાય, માટે આ બારેય પર્વોની આરાધના સારી રીતે કરી શકે તે વસ્તુને ધ્યાનમાં લઈને દરેક જીવો કંઈક કંઈક ધર્મ કરી શકે એજ ધ્યેય થી મારા શિષ્ય મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા. સંપૂર્ણ બારેય પર્વોનો સંપૂર્ણ સાહિત્યનો સંકલન કરી છપાવવા માટે આ પ્રયાસ આદર્યો છે, તે ખરેખર અનુમોદનીય છે. તથા પ્રુફ સંશોધન કરી આપવામાં પ્ર.પૂ.સા.શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી ૠજુપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબે પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકનો સુંદર સદ્દ્ઉપયોગ કરી અને બારે બાર પર્વોની આરાધના કરી-કરાવી તમારા આત્માને વધુને વધુ નિર્મલ બનાવી ઉત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરે અને પરંપરાએ શિવસુખનો ભોક્તાબને.

એજ મનોકામના સાથે.....

શ્રી ૧૦૮ તીર્થ પ્રેરક તપાગચ્છસૂર્ય, ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય રત્ન પંન્યાસપ્રવરશ્રી રત્નશેખર વિજયજી મ.સા.
(પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

# અનુક્રમણિકા


| નામ | પેજનંબર |
| --- | --- |
| ❑ પોષ દશમી ચૈત્યવંદન | ૧ થી ૩ |
| ❑ પોષ દશમીની થોય | ૩ થી ૪ |
| ❑ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો સલોકો | ૪ થી ૬ |
| ❑ પોષ દશમીનું સ્તવન | ૬ થી ૭ |
| ❑ શ્રી પાર્શ્વ જિન સ્તવન - ૮ ઢાળ | ૭ થી ૧૪ |
| ❑ શ્રી પાર્શ્વ જિન સ્તવન | ૧૪ થી ૧૫ |
| ❑ શ્રી પાર્શ્વ જિન દશ ભવ વર્ણન ગર્ભિત સ્તવન | ૧૫ થી ૧૭ |
| ❑ શ્રી મેઘાશાના ઢાળિયા | ૧૭ થી ૩૨ |
| ❑ પોષ દશમીની સજ્ઝાય | ૩૩ |
| ❑ શ્રી પાર્શ્વજિન છંદ | ૩૪ |
| ❑ શ્રી જીરાવલિ પાર્શ્વનાથ સ્તોત્ર | ૩૪ થી ૩૫ |
| ❑ શ્રી કલિકુંડ પાર્શ્વનાથજીનું ચમત્કારિક સ્તોત્ર | ૩૫ થી ૩૬ |
| ❑ શ્રી વિષહર પાર્શ્વનાથનો મહામંત્ર | ૩૬ થી ૩૭ |
| ❑ શ્રી ઉવસગ્ગહરં મહાપ્રભાવિક સ્તોત્ર | ૩૭ થી ૪૦ |
| | |

# શ્રી પોષ દશમી પર્વ સંગ્રહ
# શ્રી પોષ દશમી ચૈત્યવંદનાદિ સંગ્રહ
## પોષ દશમીનું ચૈત્યવંદન

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહિમા જેહનો;
નિખિલ આતમ રમા રાજિત, નામ જપીએ તેહનો,
દુષ્ટ કર્માષ્ટક ગંજરી જે, ભવિક જન મન સુખ કરો;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૧

બહુ પુન્યરાશી દેશ કાશી, તત્થ નયરી વાણારસી,
અશ્વસેન રાજા રાણી વામા, રૂપે રતિ તનુ સારીસી;
તાસકૂખે સુપન ચૌદ સૂચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યો. નિત્ય૦ ૨

પોષ માસે કૃષ્ણ પક્ષે, દશમી દિન પ્રભુ જન્મીયા,
સુરકુમરી સુરપતિ ભક્તિ ભાવે, મેરૂ શ્રૃંગે સ્થાપીયા;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે, જન્મ મહોચ્છવ અતિ કર્યો. નિત્ય૦ ૩

ત્રણલોક તરૂણી મન પ્રમોદી, તરૂણ વય જબ આવીયા,
તવ માત તાતે પ્રસન્ન ચિત્તે, ભામિની પરણાવીયા;
કમઠ શઠકૃત અગ્નિકુંડે, નાગ બલતો ઉદ્ધર્યો. નિત્ય૦ ૪

પોષ વદિ એકાદશી દિને, પ્રવ્રજ્યા જિન આદરે,
સુર અસુર રાજા ભક્તિ ભાજા, સેવના ઝાઝી કરે;
કાઉસગ્ગ કરતાં દેખી કમઠે, કીધો પરિષહ આકરો. નિત્ય૦ ૫

તવ ધ્યાન ધ્યાનારૂઢ જિનપતિ, મેઘધારે નવિ ચલ્યો,
તિહાં ચલિત આસન ધરણ આવ્યો, કમઠ પરિષહ અટકીયો;
દેવાધિદેવની કરે સેવા, કમઠને કાઢી પરો. નિત્ય૦ ૬

ક્રમે પામી કેવલજ્ઞાન કમલા, સંઘ ચઉવિહ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમ્મેતશિખરે, માસ અણસણ પાલીને;
શિવરમણી સંગે રમે રસિયો, ભવિક તસ સેવા કરો. નિત્ય૦ ૭

ભૂત પ્રેત પિશાચ વ્યંતર, જલણ જલોદર ભય ટળે,
રાજારાણી રમા પામે, ભક્તિ ભાવે જે ભજે ;
કલ્પતરૂથી અધિક દાતા, જગત ત્રાતા જય કરો. નિત્ય૦ ૮

જરા જર્જરી ભૂત યાદવ, સૈન્ય રોગ નિવારતા,
વઢીયાર દેશે નિત્ય બિરાજે, ભવિક જીવને તારતા;
એ પ્રભુ તણાં પદ પદ્મ સેવા, **રૂપ** કહે પ્રભુતા વરો. નિત્ય૦ ૯

## પોષ દશમીની ચૈત્યવંદના

(૨)

મહિમા પોષવદી તિથી, દશમી અપરંપાર,
પાર્શ્વ જિનેશ્વર પૂજીયે, જિમ લહિયે ભવપાર. ૧
ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ, અર્હતે નમઃ જાણ,
ગણણુ પ્રભુના નામનું, દોય હજાર પ્રમાણ. ૨
એકાશન દિન ત્રણ હુવે, અથવા અઠમ સાર,
ધર્મરત્ન પ્રભુ પાસજી, તાર તાર ભવપાર. ૩

(૩)

કલ્યાણક જિન પાસનું, પોષ દશમી દિન જાણ,
પોષ વદિ અગ્યારસે, સંયમ પાસ વખાણ. ૧
પોષ વદિ નવમી થકી, ત્રણ દિન આરાધો,
પાર્શ્વનાથાય નમઃ વલી, અર્હતે નમઃ સાધો. ૨

ત્રીજે દિન નાથાય નમઃ વિશ માલા કીજે,
એકાસણા કે અઠ્ઠમે, જ્ઞાનવિમલ શિવ લીજે. ૩

(૪)

પોષ વદી દશમી દિને, પાસજીનું કલ્યાણ,
અશ્વસેન રાજા ઘરે, મોટેરો મંડાણ. ૧
વામાદેવી ચિત્તમાં, આનંદ અતિ ઉભરાય,
મેરૂ ગિરિવર ઉપરે, દેવ દેવી હરખાય. ૨
સર્પ લંછન સોહામણો, જગપતિને સોહે,
શંખેશ્વરમાં ભેટતા, ધર્મરત્ન મન મોહે. ૩

## પોષ દશમીની થોય

પોષી દશમ દિન પાસ જિનેશ્વર, જનમ્યા વામા માયજી,
જનમ મહોત્સવ સુરપતિ કીધો, વલીય વિશેષે રાયજી;
છપ્પન દિક્કુમરી હુલરાવ્યો, સુરનર કિંનર ગાયોજી,
અશ્વસેન કુલ અવતંસે, ભાનુ ઉદય સમ આયોજી. ૧
પોષી દશમ દિન આંબિલ કરીએ, જેમ ભવસાયર તરીયેજી,
પાસ જિણંદનું ધ્યાન ધરતાં, સુકૃત ભંડાર ભરીએજી;
રૂષભાદિક જિનવર ચોવીશે, તે સેવો ભલે ભાવેજી,
શિવરમણી વરી નિજ ઘર બેઠા, પરમપદ સોહાવેજી. ૨
કેવળ પામી ત્રિગડે બેઠા, પાસ જિનેશ્વર સારજી,
મધુર ગિરાએ દેશના દેવે, ભવિજન મન સુખકારજી;
દાન શીલ તપ ભાવે આદરશે, તે તરશે સંસારજી,
આ ભવ પરભવ જિનવર જપતાં, ધર્મ હોશે આધારજી ૩

સકલ દિવસમાં અધિકો જાણી દશમી દિન આરાધોજી
ત્રેવીશમો જિન મનમાં ધ્યાતાં, આતમ સાધન સાધોજી,
ધરણેન્દ્ર પદ્માવતી દેવી, સેવા કરે પ્રભુ આગેજી,
**શ્રી હર્ષ વિજય** ગુરૂ ચરણ કમલની **રાજવિજય** સેવા માગેજી ૪

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો સલોકો

માત ભુવનેશ્વરી ભુવનમાં સાચી, જેહની જગત કીરતિ જાચી;
દેવી પદ્માવતી ધરણેન્દ્ર રાણી, આપો શુભ મતિ સેવક જાણી. ॥૧॥

પાસ શંખેશ્વર કેરો શલોકો, મન ધરીને સાંભળજો લોકો;
દેશ વઢીયાર માંહે જે કહ્યો, કલિકાલમાંહે જાલમ પ્રગટ્યો. ॥૨॥

જરાસંઘને જાદવ વઢીયા, બાંધી મોરચા દલ બેહુ લડીયા;
પડે સુભટ ને ફોજુ મરડાય, કાયર કેતાં તિહાં નાશીને જાય. ॥૩॥

રાગ સિંધુયે સરણાઈ વાજે, સુણી સુભટને શૂરાતન જાગે;
થાયે યુદ્ધને કોઈ ન થાકે, ત્યારે જરાસંઘ છલ એક તાકે ॥૪॥

છપ્પન કુલ કોડી યાદવ કહિયેં, એક એકથી ચઢીયાતા લહીયે;
પ્રાણ આપે પણ પાછા ન ભાગે, એક મારે તો એકવીશ જાગે. ॥૫॥

વઢતાંએહવાનો અંત ન આવે, કરૂં કપટ તો રમત ફાવે;
એમ ચિંતિને મ્હેલી તિહાં જરા, ઢલીયું જાદવનું સૈન્ય તિહાં ધરા.. ॥૬॥
જરા લાગીને જાદવ તિહાં ઢલીયા, નેમ કૃષ્ણને બલભદ્ર બલીયા;
ત્રણ પુરૂષને જરા ન લાગી, કહે નેમને કૃષ્ણ પાય લાગી. ॥૭॥

એહવો કોઈ કરી ઉપાય, જેણે જરા તે નાસી ને જાય;
કહે કૃષ્ણને નેમકુમાર, કરો અઠમ તપ ચોવિહાર. ॥૮॥

પહેલાં ધરણેન્દ્ર તુમે ઉપાસો, તેહને દેરાસરે દેવ છે પાસો;
તેહ આરાધ્યો આપશે બિંબ, સરસે આપણોકામ અવિલંબ. ॥૯॥

મુખથી મોટો બોલ ના ભાખું, ત્રણ દિવસ લગે સૈન્ય હું રાખું;
જિનવર ભક્તિનો પ્રભાવ ભારી, થાશે સર્વવિધ મંગલકારી. ॥૧૦॥

ઈંદ્રે સારથિ માતલીનામે; મેલ્યો જિનવરની ભક્તિને કામે;
આસન માંડીને દેવ મોરારિ; અઠ્ઠમ કરીને બેઠો તિણે ઠારી. ॥૧૧॥

તૂઠો ધરણેન્દ્ર આપે શ્રી પાસ, હરખ્યા શ્રીપતિ અતિઉલ્લાસ;
નમણ કરીને છાંટે તેણી વાર, ઉઠ્યું સૈન્ય ને થયો જયકાર. ॥૧૨॥

દેખી જાદવનો જાલમ જોરો, જરાસંઘનો તૂટ્યો તિહાં તોરો;
ત્યારે લેઈને ચક્ર તે મેલ્યું, વંદે કૃષ્ણને આવી તે પહેલું. ॥૧૩॥

પછી કૃષ્ણના હાથમાં બેઠું, જરાસંઘને સાલ તો પેઠું;
કૃષ્ણે ચક્ર તે મેલ્યું તિહાં ફેરી, જરાસંઘને નાખ્યો તે વેરી. ॥૧૪॥

શીશ છેદ્યું નેધરણીતે ઢળીયો, જયજયશબ્દતે સઘળે ઉછળીયો;
દેવદુંદુભિ આકાશે વાજે, ઉપર ફૂલની વૃષ્ટિ બિરાજે. ॥૧૫॥

તુમે વાસુદેવ ત્રણ ખંડ ભોક્તા, કીધા ધર્મના મારગ મુક્તા,
નયરશંખેશ્વર વાસ્યું ઉમંગે, થાવી પાર્શ્વની પ્રતિમા શ્રીરંગે ॥૧૬॥
શત્રુ જીતીને સોરઠ દેશે, દ્વારિકા નગરીમાં કૃષ્ણ નરેશે;
પાલે રાજ્યને ટાલે અન્યાય, ક્ષાયિક સમકિત ધારી કહેવાય. ॥૧૭॥

પાસ શંખેશ્વર પ્રગટ મલ્લ, અવાનમાંહે તું એક અવલ્લ;
નામ તાહરૂં જે મનમાંહે ધારે, તેહનાં સંકટ દૂર નિવારે. ॥૧૮॥

દેશી પરદેશી સંઘ જે આવે, પૂજા કરીને ભાવના ભાવે;
સોના રૂપાની આંગી રચાવે, નૃત્ય કરીને કેશર ચઢાવે. ॥૧૯॥

એક મને જે તુમને આરાધે, મનના મનોરથ સઘલા તે સાધે;
તારા જગતમાં અવદાત મ્હોટા, ખરો તું હી જ બીજા સર્વ ખોટા. ॥૨૦॥

પ્રતિમા સુંદર શોભે પુરાણી, દામોદર જિનને વારે ભરાણી;
ઘણા સુરનરે પૂજ્યા તુજ પાય, તેહને મુક્તિના દીધા પસાય. ॥૨૧॥

ઓગણસઠને સત્તર શત વરસે, વૈશાખ વદી છઠને દિવસે;
એહ શલોકો હરખે મેં ગાયો, સુખ પાયોને દુરગતિ પલાયો. ॥૨૨॥

નિત્ય નિત્ય નવલી મંગલમાલા, દિન દિન દીજે દોલત રસાલા,
**ઉદયરત્ન** કહે પાસ પસાયે, કોડી કલ્યાણ સન્મુખ થાયે. ॥૨૩॥

## પોષદશમીનું સ્તવન

નિત્ય સમરૂં સાહિબ સયણાં, નામ સુણતાં શીતલ શ્રવણાં,
જિન દરિસણે વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલ્લસે વયણાં રે,
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આશરો કાચો રે. શં૦ ૧

દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણ શાંતરૂચિપણું લીજે;
અરિહા પદ પજ્જવ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે. શં૦ ૨
સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાસના ગણધર થાશો;
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણીલોકમાં વયણે ગવાશો રે. શં૦ ૩

એમ દામોદર જિન વાણી, અષાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નિજ ઘર આવે, પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવે રે. શં૦ ૪

ત્રણ કાલ તે ધૂપ ઉખેવે, ઉપકારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે, તે પ્રતિમા પણ તિહાં લાવે રે. શં૦ ૫

ઘણા કાલ પૂજી બહુમાને, વલી સૂરજ ચંદ્ર વિમાને,
નાગ લોકના કષ્ટ નિવાર્યા, જ્યારે પાર્શ્વ પ્રભુજી પધાર્યા રે. શં૦ ૬

યદુસૈન્ય રહ્યું રણઘેરી, જીત્યા નવિ જાયે વૈરી;
જરાસંઘે જરા તવ મેલી, હરિબલ વિના સઘલે ફેલી રે. શં૦ ૭

નેમીશ્વર ચોકી વિશાલી, અઠમ કરે વનમાલી;
તૂઠી પદ્માવતી બાલી, આપે પ્રતિમા ઝાકઝમાલી રે. શં૦ ૮

પ્રભુ પાસની પ્રતિમા પૂજી, બલવંત જરા તવ ધ્રૂજી,
છંટકાવ ન્હવણ જલ જોતી, જાદવની જરા જાય રોતી રે. શં૦ ૯

શંખ પૂરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે,
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે. શં૦ ૧૦

રહે જે જિનરાજ હજુ રે, સેવક મનવાંછિત પૂરે;
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતીભાઈને રાજે રે. શં૦ ૧૧

નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે, ગામોગામના સંઘ મીલાવે રે. શં૦ ૧૨

અઢાર અઠોત્તેર વરસે, ફાગણ વદિ તેરસ દિવસે
જિન વંદી આનંદ પાવે, **શુભવીર** વચન રસ ગાવે રે. શં૦ ૧૩

## શ્રી પાર્શ્વનાથ જિન ૮ ઢાળનું સ્તવન

### ઢાળ પહેલી

સરસ્વતિ સામિણિ માય, આપો મુજને પસાય;
પાસ જિણંદ તણાએ, કે દશભવ ગાયવાએ. ૧
પોતનપુર અરવિંદ, રાજ કરે જીમ ચંદ;
વિશ્વભૂતિ તસ તણોએ, કે પુરોહિત ગુણ નીલોએ. ૨

ધરણી અનુદ્ધરા તાસ, પુત્ર જણ્યા બે ખાસ,
કમઠ મરૂભૂતિ એ, કે બીજે સમકિત મંતિ એ. ૩
મરૂભૂતિની નારી, કમઠે ભુવન મોઝારી,
એકદા ભોગવીએ, કે રાય ખબર લહીએ. ૪
રાયે કાઢ્યો જામ, તાપસ હુઓ તામ,
ડુંગરે તપ કરે એ, કે મન મત્સર ધરીયે. ૫
કમઠ પાય પ્રણમેવ, મરૂભૂતિ ખામેય;
શિલાતળે ચાંપીયો એ, કે પહેલો ભવ હુવો એ. ૬
બીજો ભવ હવે જોઈ, મરૂભૂતિ હાથી હોઈ;
અરવિંદ મુનિવરૂ એ, કે દેખી સંયમ ધરે એ. ૭
જાતિસ્મરણ પામી, મન રાખ્યું તિણે ઠામ;
કમઠ ઉલ્લંઠ અહિ એ, કે હાથી ડસ્યો સહીએ. ૮
ત્રીજો ભવ દેવલોક, આઠમે અમર વિલોક;
નરકે પંચમ ગયું એ, કે કમઠ સાંપડુ એ. ૯
ચોથે ભવ હવે જાણો, જંબુ દ્વિપ વખાણો;
પૂર્વ વિદેહ જીહાં એ, કે સુકચ્છ વિજય તિહાંયે. ૧૦

વૈતાઢ્ય પર્વતસાર, તિલકાપુરી ભરતાર;
વિદ્યુતગતિ સરૂ એ, કે તિલકાવતિ વરૂએ. ૧૧
તાસ કુંખે સુત સાર, અમર તણો અવતાર;
કીરણ વેગ વળી એ, કે નામ દીયો મન રળીએ. ૧૨
વિદ્યાધરનો રાય, સંયમશું મન લાય;
ગિરિ કાઉસગ્ગ કરી એ, કે મન ઉપશમ ધરીયે. ૧૩

પંચમ નરકથી આય, કમઠ જીવ અહિ થાય;
મુનિવર તેણે ડસ્યો એ, કે ધ્યાનથી નવી ખસ્યોએ. ૧૪
બારમે કલ્પે જાય, કિરણવેગ સુર થાય;
નરકે પંચમ અહિ એ કે, પંચમ ભવ લહીએ. ૧૫

## ઢાળ બીજી

છઠ્ઠો ભવ ભવિયા હવે સુણો, જંબુ-દ્વિપ વખાણ;
પશ્ચિમવિદેહ સુગંધ વિજયતિહાં, શુભંકરા નગરી જાણ,
**ગુણવંતા નિસુણો પાસના દશ ભવ સાર.** ૧
વજવીર્ય રાજા ષડખંડપતિ, લક્ષ્મીવતિ ભરતાર;
કીરણવેગ વિદ્યાધર, દેવ તાસ કુંખે અવતાર. ગુણ૦૨
માય તાય હરખે કરી ઠવીયો, વજનાભ વર નામ;
તાત રાજ્ય સુતને દેઈ કરી, ચારિત્ર લીયો અભિરામ, ગુણ૦૩
ક્ષેમંકર જજિનિ વાણી સુણતાં, લાધ્યો ઉપશમ લાભ;
ચક્રાયુધ સુતને રાજ દેઈ, ચારિત્ર લીયે વજનાભ. ગુણ૦ ૪
ચૌદપૂર્વ ભણી કરીજી, લબ્ધિ લહી આકાશ;
ઉડી સુકચ્છ વિજયમાં પડીઆ, દેખી જલણગિરિખાસ. ગુણ૦ ૫
મુનિવર તિહાં કાઉસગ્ગ રહીઆ, ધ્યાન ધરે નવકાર;
કમઠ જીવ નરકથી આવી, પામ્યો ભીલ અવતાર. ગુણ૦ ૬
કાઉસગ્ગે દેખી વૈર ઉછળીયો, બાણે હણ્યો મુનિરાય;
એક પાક્ષીક વૈર કરતો, જીહાં તિહાં દુર્ગતિ જાય. ગુણ૦ ૭
મધ્ય ગ્રૈવયેકે પહોંતો,વજનાભ મુનિસિંહ;
ભીલ સાતમી નરકે પહોંતો, સાતમાં ભવની લીહ. ગુણ૦ ૮

આઠમો ભવ હવે જાણીએજી, જંબુ દ્વિપ વિશાળ;
પૂર્વવિદેહ વખાણીયેજી, સુરપુર નયર રસાળ. ગુણ૦ ૯
વજ્રબાહુ તિહાં રાજ કરેજી, રાણી સુદર્શના તાસ;
એકદિન સુખકર સુતિદેખે, ચૌદ સુપને મુખવાસ. ગુણ૦ ૧૦
વજ્રનાભ જીવ સુર આવીયો, તાસ કુખે ઉત્પન્ન;
સોવનબાહુ અભિધાન ઠવીયું, તસ ઉપન્યું ચક્રરત્ન. ગુણ૦ ૧૧
ષટખંડ તેણે કરી નિસાધ્યા, એક દિન ગોખે બેઠ;
દેવતણા ગણ જાતાં દેખી, પૂર્વભવ તીણે દીઠ. ગુણ૦ ૧૨
જિનવર વાંદિ વાણી નીસુણી, ઉપન્યો મન વૈરાગ;
દિક્ષા લઈ વિશ સ્થાનકને, આરાધ્યા નિરાગ. ગુણ૦ ૧૩
ગિરશિખર જઈ કાઉસગ્ગ રહીઓ, હવે જુઓ ભીલ અબીહ;
સાતમી નરક થકી નીસરીયો, ગીર ગુહા હુઓ સિંહ. ગુણ૦ ૧૪
પુરવ વૈરી મુનિવર હણીઓ, દશમે કલ્પે જાય;
સિંહ ગયો વળી ચોથી નરકે, નવમો ભવ ઈમ થાય. ગુણ૦ ૧૫

**ઢાળ ૩ જી**

દશમો ભવ જિનવર તણો **મનરંગીલા,**
ભાવે સુણો નરનાર લાલ. મન૦ ૫
જંબુદ્વીપ સોહામણો મન૦
સઘલા દ્વીપ મોઝાર લાલ. મન૦
મન રંગીલા નિરંગીલા, મન૦
પાસકુમાર પુણ્યવંત લાલ. મન૦ ૧

દાહિણ ભરત વખાણીયે. મન૦
નયરી વાણારસી સાર લાલ. મન૦ ૧
અશ્વસેન નૃપ જાણીએ, મન૦
વામાદેવી ઉર હાર લાલ. મન૦ ૨
દશમા કલ્પ થકી આવી, મન૦
આઉ પુરૂ વીશ સાગર લાલ. મન૦
ચૈત્રાસીત ચોથે ચ્યવી, મન૦
વામા કુખે અવતાર. લાલ.મન૦ ૩
ચૌદ સુપન દેખી રાણી, મન૦
હર્ષ વિનવે રાય. લાલ. મન૦
સુપનવિચાર સુંદર જાણી, મન૦
રાય મન હર્ષ ન માય. લાલ. મન૦ ૪
સુપન પાઠક પંડિત આણી. મન૦
પૂછે સ્વપ્ન વિચાર. લાલ. મન૦
સુત હોશે ત્રિભુવન ધણી, મન૦
સકલ લોક આધાર. લાલ. મન૦ ૫

## ઢાળ ૪ થી

પોષ વદી દશમી દિન ભલી રે, જનમ્યા પાસજિણંદ;
છપ્પન દિશીકુમરી કરે રે, સુતિ કરમ આણંદ રે,
**ભવિકા પૂજો પાસજિણંદ, દીઠે પરમાનંદરે ભવિકા,**
જેહને સેવે સુરનર ઈન્દ્ર રે. ભવિકા૦ ૧
સોહમપતિ તિહા આવીયો રે, લાગ્યો માયને પાય;
રત્નકુક્ષી તું ધારિણી રે, તેં જણ્યો ત્રિભુવનરાય રે. ભ૦૨

મેરૂ જઈ નવરાવશું રે, કરશું મહોત્સવ કાજ,
તું મત બીહે માવડી રે, આણી આપશું આજ રે. ભ૦૩
ઈમ કહી મેરૂ પધરાવીયાજી, પંચ રૂપ કરી આપ;
ચોસઠ ઈન્દ્ર નવરાવીયાંજી, ટાળ્યા પાપના વ્યાપાર રે. ભ૦૪
ઈન્દ્રે જન્મ મહોત્સવ કરીજી, આણી આપ્યા માત;
પ્રભાતે બહુ હરખી કરીરે, જન્મ મહોત્સવ તાતરે. ભ૦૫

## ઢાળ ૫ મી

શેરીમાંહે રમતો દીઠો, પાસકુમાર નાનડીયો રે
રમઝમ કરતાં ચરણે નેઉર, હાથે ઉછાળી દડીયો રે;
**હાંરે હાથે સોવન ખડીયો રે.** ૧
શિર ટોપી ઓપે ખુંપાલી, કાને કડી વાંકડીયો રે;
હૈયે હાર અનુપમ સોહે, કેડે કંદોરો જડીયો રે. ૨
ધમ ધમ કરતા ઘુઘરા પાયે, મધમધતી મોજડીયો રે;
ઠમક ઠમક પગલાં ભરતો, માતાને મન ચઢીયો રે. ૩
નાના મંદિર રમત કરતો, ફેરવે દડ દડીયો રે;
માતા કુમાર બોલાવે હરખે, આવે દેતો દડબડીઓ રે. ૪
પુનમચંદ સમો મુખ ટીકો, અણીયાળી આંખડીયો રે;
કમલનાભ સરખા બાંહડીયો, પાંપણી કજ પાંખડીયો રે. ૫
સોહાગણી ખંધો લઈ ચડીયો, કોટે દેઈ પડપડીયો રે;
કુંડલ તણાઈ માચા કરતાં, ઈન્દ્રાણી કર ચઢીયો રે. ૬
સરખી સરખી ટોળી મળીને, વાવરે સુખડીયો રે;
શેરીમાંહિ ફેરી લેઈ, રસ ઘુંટે શેલડીયો રે. ૭
ઈમ અનુક્રમે જગગુરુ વાધે, રૂપે રતિપતિ ઘડીયો રે;
પાસકુમાર જાયો જીણ વેળા, તે સફલો ચોઘડીયો રે. ૮

સકલ મનોરથ પુન્યે ફળીયા, સુત સુખકર સાંપડીયો રે;
**શુભવિજય** પ્રભુના ગુણ ગાયા, હમચો ભાગ્ય ઉઘડીયો રે. ૯

### ઢાળ ૬ ઠી

નવયૌવન પ્રભુ પામીયા, પ્રભાવતી રાણી;
પરણી મન રંગે કરી, જાણે ઈન્દ્ર ઈન્દ્રાણી. ૧
એક દિન ગોખે બેઠા, દેખે પ્રભુજી બહુજનને;
સેવક પૂછયો ઈમ ભણે, પૂજવા તાપસને. ૨
કૌતુક જોવા આવીયા, અહિ બળતો દીઠો;
અહો અજ્ઞાની દયા નહીં, તાપસ થઈ બેઠો. ૩
કાષ્ટ વિદારી કાઢીયો, પન્નગ તરફડતું;
નમસ્કાર સંભળાવીયો, ઈન્દ્ર પદવી પહોંચ્યો. ૪
કમઠ મેઘમાળી હુઓ, પાસ ઉપરે રૂઠો;
દિક્ષા સમય જાણ્યો પ્રભુ, દાન દેવા બેઠો. ૫

### ઢાળ ૭ મી

પોષવદી અગ્યારશી ભણી રે લાલ, ચારિત્ર લીયો મુનિચંદ. મેરે પ્યારે;
ચોસઠ ઈન્દ્ર તિહાં મલીરેલાલ, ઓચ્છવ કરે નરવૃંદ. મેરે પ્યારે; ૧
પાર્શ્વ જિનેસર સુંદરૂ રે લાલ, વામાદેવી મલ્હાર. મેરે પ્યારે;
અશ્વસેન રાયકુલ ચંદલો રે લાલ, રૂપે રતિ ભરતાર. મેરે પ્યારે૦ ૨
ચૈત્રવદી ચોથે કેવલી રે લાલ, ત્રિગડું રચે સુરઈંદ. મેરે પ્યારે;
સંઘચતુર્વિધ સ્થાપીયો રે લાલ, દેશના દીયે આણંદ. મેરે પ્યારે૦ ૩
ચોત્રીશ અતિશય શોભતા રે લાલ, વાણી ગુણ પાંત્રીસ. મેરે પ્યારે;
પ્રાતિહાર્ય આઠ સહચરૂ રે લાલ, ત્રણ જગ કેરો ઈશ. મેરે પ્યારે૦ ૪
શ્રાવણસુદિ આઠમદિને રે લાલ, મુક્તિ પહોંત્યાં પાસ મેરે પ્યારે;
સમેતગિરિવર ઉપરેરે લાલ, કરે ઈન્દ્ર મહોત્સવ ખાસ. મેરે પ્યારે૦ ૫

## ઢાળ ૮ મી

ઈણી પેરે સુંદર સંથુણ્યો રે, પુન્યે પાસ જિણંદ;
શંખેશ્વર પુર રાજીયો રે, અશ્વસેન કુલચંદ,
દશમે ભવે શિવવધુ વરીરે, મોહન વલ્લી કંદ. ૧
અકબરશાહ પ્રતિબોધીયો રે, તપગચ્છ પુનમચંદ;
**શ્રી હીરવિજય** સૂરીશ્વરૂ રે, સેવે સુરનર ઈંદ. ૨
તસ પદ પંકજ મધુકરૂં રે, શુભવિજય સુખકંદ;
સંકટ વિકટ નિવારતારે, કરતા ભાવિકાનંદ. ૩
**શ્રી વિજયસેનસૂરિ** પટધણી રે, શ્રી વિજયદેવસૂરીંદ,
તસ રાજ્યે સ્તવન કર્યું રે, પ્રતાપે જીહાં રવિચંદ.૪

## કળશ

ઈમ પાસ જિનવર ભવિક સુખકર, યાદવ જરા નિવારણો;
અંભોધિ ગજ રસ શશી વર્ષે, અભય દેવ રોગ વારણો;
ધરણેન્દ્ર પદ્માવતી પુજિત, ભવ મહોદધિ તારણો,
શ્રી **હીરવિજય** સુરિંદ શિષ્યો થુણ્યો વાંછિત પુરણો.

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

ચિત્ત સમરી શારદ માય રે, વળી પ્રણમું નિજ ગુરુ પાય રે;
ગાઉ ત્રેવીશમા જિનરાય રે, વ્હાલાજીનું જન્મ કલ્યાણક ગાઉં રે,
સોનારૂપાને ફૂલડે વધાવું રે, થાળ ભરી ભરી મોતીડે વધાવું રે.
વ્હાલા૦ ૧
કાશીદેશ વાણારસી રાજે રે, અશ્વસેન છત્રપતિ છાજે રે;
રાણી વામા ગૃહિણી સુરાજે રે. વ્હાલા૦ ૨

ચૈત્રવદિ ચોથે તે ચવિયા રે, માતા વામા કૂખે અવતરીયા રે;
અજુઆળ્યાં એહનાં પરિયાં રે. વ્હાલા૦ ૩
પોષ વદિ દશમી જગભાણ રે હોવે પ્રભુનું જન્મ કલ્યાણ રે;
વીશસ્થાનક સુકૃત કમાણ રે. વ્હાલા૦ ૪
નારકી નરકે સુખ પાવે રે, અંતર્મુહૂર્ત દુઃખ જાવે રે;
એ તો જન્મકલ્યાણ કહાવે રે. વ્હાલા૦ ૫
પ્રભુ ત્રણ ભુવન શિરતાજ રે, તુમે તારણ તરણ જહાજ રે;
કહે **દીપવિજય** કવિરાજ રે. વ્હાલા૦ ૬

## શ્રી પાર્શ્વનાથ જિન દશ ભવ વર્ણન ગર્ભિત સ્તવન

**( રાગ : સાબરમતી કે સંત. )**

શંખેશ્વરા દરબારમાં ગાઉ મધુરા ગીત
વામાદેવીનાં નંદ તમે, સુણજો વીતરાગ;
જય જય શંખેશ્વરા, જય જય પાર્શ્વનાથ. .... (૧)
પોતનપુરી પહેલે ભવે, સમકિતને પામ્યા;
પ્રભુભક્તિનાં નામે, સદ્કર્મોને કિધા,
ખમાવતા નિજ ભાઈને, મૃત્યુ શિરે લીધા
સમતા ધરી આપે અહો, પામે ન કોઈ તાગ
વામાદેવીનાંનંદ તમે સુણજો વીતરાગ
જય જય અજાહરા, જય જય અંતરિક્ષજી... .... (૨)
બીજે ભવ હસ્તિ થયા, જિનધર્મને પામ્યા;
સર્પે દિધો વિષડંખ,તોયે તમે ખમ્યા;
મૃત્યુ થયું સ્વર્ગે ગયા, દિલ ધર્મમેં ભમ્યા;

ધન્ય હે નરનાથ, સમાધિ છે તુમારી પાસ...સમતાધરી.
જય જય નગપુરા, જય જય નાકોડાજી, .... (૩)
વિદ્યાધર ચોથે ભવે, વૈરાગ્યને પામ્યા;
રાજ્ય છોડી રળિયામણું, સંસારની માયા;
અણગાર થઈ વિચરે સદા, જિન ધ્યાનને ધ્યાયા;
ઝેરી ડસ્યો ભુજંગ તોયે, પ્રેમનાં નિનાદ...સમતાધરી.
જય જય મક્ષીજી, જય જય અવંતીપાસ ..... (૪)
બારમે સ્વર્ગે ગયા, ભવ પાંચમે ઉજમાળ;
ત્યાંથી ચ્યવી છઠ્ઠે ભવે, વિદેહમાં અવતાર;
કુમાર વજ્રનાભનામ, સંયમ સ્વીકાર;
મુનિ કિધો તીરઘાત, મુનિ ધીર વડભાગ...સમતાધરી.
જય જય કાપરડાજી, જય જય કરેડાજી .... (૫)
ગ્રૈવયકે સુરદેવનો ભવ, સાતમે સુજાણ;
ત્યાંથી ચ્યવી વિદેહમાં, ચક્રી બન્યા કલ્યાણ,
સુવર્ણબિંદુ નામ ગુણ, રત્નની ખાણ;
દિક્ષા ગ્રહી જિનરાજ, પાસ હે નરનાથ...સમતાધરી
જય જય કલિકુંડ, જય જય શેરીષા... .... (૬)
નિકાચતા જિનનામનો,અણગાર મહાવીર;
વનરાજ સમડી વેરને મારે મુનિવર વીર,
નવમે ભવે સ્વર્ગે ગયા, ખીલ્યુ મહા ખમીર;
વૈભવ જિનરાજ તુમ, શિવપુરની ખાણ... સમતાધરી
જય જય ભદ્રાવતી, જય જય ભીડભંજન .... (૭)
જંબુદ્વીપે ગંગાતીરે, વારાણસી આવ્યા,

સ્વર્ગથી ચવી દશમે ભવે, પાર્શ્વ કહાયા;
અશ્વસેન રાજન કુલે, જયવાદ કરાયા,
વૈભવ ભર્યો જિનરાજનો, કિધો પ્રભુએ ત્યાગ... સમતાધરી
જય જય નાગેશ્વર, જય જય પાર્શ્વનાથ... ....(૮)
સંસાર કારાવાસની સૌ, બેડીઓ તોડી,
વૈરાગની કરી હાકલ, મોહ દાંડીઓ તોડી
સિદ્ધિવધૂ સાથે તમે, શુભ પ્રીતિને જોડી
તોડ્યા ને મોડ્યા, સહુ સંસારના વિખવાદ... સમતાધરી
જય જય નવખંડા, જય જય અમીઝરા. ...(૯)
મોક્ષે ગયા પ્રભુ આપ, મૂકી જીવોને અનાથ
વિકરાળ આ સંસારનો, રૂડો ગયો સંગાથ,
માણેકમુનિ કહે મને તારજો દિનાનાથ
નિવારજો સંસારનો, રખડેલનો સૌ થાક... સમતાધરી
જય જય વારાણસી, જય જય સમેતશિખર.. ....(૧૦)

## શ્રી મેઘાશાના ઢાળીયા

દુહા

પ્રણમું નિત પરમેશ્વરી, આપો અવિચળ માત;
લઘુતાથી ગિરુતા કરે, તું શારદ સરસત. ૧
મુજ ઉપર મયા કરી, દેજે દોલત દાન;
ગુણ ગાઉં ગિરુઆ તણા, મહીયલ વાધે વાન. ૨
ધવલ ધીંગ ગોડી ધણી, સહુકો આવે સંઘ;
મહિમાવાદી મોટકો, નારંગ ને નવરંગ. ૩

પ્રતિમા ત્રણે પાસની, પ્રગટી પાટણમાં;
ભક્તિ રે જે ભવિકજન, કુણ તે વળી કહેવાય. ૪
ઉત્પત્તિ તેહની ઉચરું, શાસ્ત્ર તણી કરી શાખ;
મોટા ગુણ મોટા તણા, ભાખે કવિજન ભાખ. ૫

## ઢાળ પહેલી

કાશી દેશ મોઝાર રે નયરી વાણારસી, એ સમો અવર ન કોઈ જાણે;
લંકા જિસી રાજ કરે તિહાં રાજ કે અશ્વસેન નરપતિ,
રાણી વામા માત કેતેહની દંપતી. ૧
જન્મ્યા પાસ કુમાર કે તેહની રાણીએ,
ઓચ્છવ કીધો દેવ કે ઇંદ્ર ઇંદ્રાણીએ;
જોબન પરણ્યા પ્રેમકન્યા પ્રભાવતી,
નિત નિત નવલા વેશ કરી દેખાવતી. ૨
દીક્ષા લેઇ વનવાસ રહ્યા કાઉસ્સગ્ગ જિહાં,
ઉપસર્ગ કરવા મેઘમાળી આવ્યો તિહાં;
કષ્ટ દેઈને તે ગયો જે દેવતા,
ચોસઠ ઇંદ્ર તેહને નિત નિત સેવતા. ૩
વર્ષ તે સોનો આઉખો ભોગવી ઉપન્યા,
જ્યોતમાંહિ જ્યોત તિહાં કેઈ રૂપના;
પાટણમાંહિ મૂરતિ ત્રણે પાસની,
ભોંયરા માંહે રાખે કોઈ શાસની. ૪
વળી એક દિન પ્રતિમા હાથમાં લેઈ કરી,
પોતાના આવાસ માંહે કે તુરતજ હિત ધરી;

ભૂમિ ખણીને માંહે ઘાલી તુરતજ તિહાં,
સુવે નિત પ્રતે તેહ કે સુજવાલી તિહાં. ૫
એક દિન સોહણામાંહિ કે જક્ષ આવી કહે;
તિણ અવસર તે તુર્ત હૈયામાં ચિંતવે;
નહિતર મારીશ મરડીશ હવે હું તુજને,
તે માટે ઘર માંહેથી કાઢજે મુજને. ૬
પરિકર માંહેથી મેઘાશા ઈહાં આવશે,
તે તુજ દેશે લાવી ટકા એ પાંચશે;
દેજે મૂરતિ એહ તે કાઢી તેહને.
મત કે'જે કોઈ આગળ વાત તું કેહને. ૭
થાશે કોટિ કલ્યાણ કે તાહરે આજથી,
વાધશે પંચ માંહે નામે તે લાજથી;
મન શું બીી તું કે થઈને આકરો,
આગળ જે થાયે વાત તે ભવિજન સાંભળો. ૮

**ઢાળ બીજી**

લાખ જોજન જંબૂ પરિમાણ, તેમાં ભરતક્ષેત્ર પ્રધાન રે;
પારકર દેશ શોભે રુડો, જિમ નારી ને માંહે ચૂડો રે,
મારા સુગુણ સનેહી સુણજો૦ ૧
શાસ્ત્રમાંહે જેમ ગીતા રે, સતીયો માંહે સીતા રે;
વાજીંત્ર માંહે જિમ ભેર, જિમ પર્વતમાંહિ મોટો મેર રે. મારા૦ ૨
દેવમાંહે જેમ ઈંદ્ર, ગ્રહ ગણમાં જિમ ચંદ્ર;
બત્રીશ સહસ તે દેશ, તે માંહે પારકર દેશ વિશેષ. મારા૦ ૩
ભુદેશર નામે નયર, તિહાં કોઈ ન જાણે વેર;

રાજ કરે રે ખેંગાર, તે તો જાત તણો પરમાર રે. મારા૦ ૪
તિહાં વણિક કરે વેપાર, જેને અપસરા સરખી નાર;
મોટા મંદિર પ્રધાન, તે તો ચૌદિશે બાવન રે. મારા૦૫
તિહાં કાજલશા વ્યવહાર, સહુ સંઘમાં છે અધિકારી રે;
તસ પુત્ર કલત્ર પરિવાર, જસ માનિત છે દરબાર રે. મારા૦ ૬
તે કાજલશાની બાઈ, મેઘા શું કીધ સગાઈ;
એક દિન સાળો બનેવી, બેઠા વાતું કરે છે એવી રે. મારા૦ ૭
ઈહાંથી દ્રવ્ય ઘણો લેઈ, જઈ લાવો વસ્તુ કેઈ;
ગુજરાત માંહે તુમે જોજો, માલ મન આવે તે લેજો રે. મારા૦ ૮

## ઢાળ ત્રીજી

કાજલશા કહેવાત, મેઘાભણી દિનરાત;
સાંભળી સદ્દહે એ વળતું એમ કહે એ. ૧
ધન ઘણો લેઈ હાથ, પરિવાર કર્યો સાથ;
કુંકુમ તિલક કર્યો એ, શ્રીફળ હાથે દીઓ રે. ૨
જાઈશ હું ગુજરાત, સાથ કરી પરભાત;
શુકન ભલા એ, તો ચાલુ વહીયે. ૩
લેઈ ઉંટ કતાર, આવ્યો ચૌટા મોઝાર;
કન્યા સન્મુખ મળી એ, કરતી રંગરળી એ. ૪
માળણ આવી તામ, છાબ ભરી છે દામ;
વધાવે શેઠ ભણીએ, આશીષ દે ઘણી એ. ૫
મચ્છયુગલ મળ્યા ખાસ, વેદ બોલંતો વ્યાસ;
પતરી ભરી જોગણી, વૃષભ હાથ ઘણી એ. ૬

ડાબો બોલે સાંઢ, દધિ તો ભરીયુ ભાંડ;

ખરડાવો ખરો એ, લોક કહે હૈયે ધરો એ. ૭

આગળ આવ્યા જામ, મારગ વુઠા તામ;

ભેરવ જમણી ભલીએ, દેવડા વીવલી એ. ૮

જમણી રૂપારેલ, તાણી બાંધી તિણવેલ;

નીલકંઠ ભેરણ કીયો એ, ઉલસ્યો અમીહિયો એ. ૯

હનુમત દીધી હાંક, મધુરો બોલે કાક;

લોક કહે સહુ એ, કામ હોંશે બહુ એ. ૧૦

અનુક્રમે ચાલ્યા જાય, આવ્યા પાટણમાંહિ;

ઉતારા ભલા કીયા એ, શેઠજી આવીયા રે. ૧૧

નિશિભર સુતા જયાંહિ, જક્ષ આવીને ત્યાંહિ;

સુહણામાંહિ એમ કહે એ, સઘળું સદ્દહે એ. ૧૨

તુરક તણો છે ધામ, તેહને ઘેર જઈ તામ;

દેજે દોકડા પાંચશે એ, રોકડા એ. ૧૩

દેશે પ્રતિમા એક, પાસતાગી સુવિવેક;

એથી સુખ થાશે રે, ચિંતા દૂર જાશે એ. ૧૪

સંભળાવી યક્ષરાજ, તુરક ભણી કહે તામ;

પ્રતિમા તું દેજે એ, પાંચશે ધન લેજે એ. ૧૫

એમ કરતાં પરભાત, તુર્ત ભણી તે વાત;

મનમાં ગહગહે એ, અચરિજ કુણ લહે એ. ૧૬

## ઢાળ ચોથી

તરક ભણી દીયે પાંચશે દામ, પ્રતિમા આણે નિજ ઠામ રે
પાસજી મુને ત્રુઠા;
પૂજી પ્રતિમા હર્ષ ભરાણો, ભાવ આણીને ખરચ્યો નાણો રે.
પાસજી૦ ૧
મુજ વખતે એ મૂરતિ આવી, મુજ આપશે દામ કમાવી રે
પાસજી;
દામ દેઇને બિંબ તિહાં લીધો, મન માન્યો કારજ કીધો રે.
પાસજી૦ ૨
રૂના ભરીયા ઉંટ તે વીશ, માંહે બેસાડ્યા શ્રી જગદીશ રે;
અનુક્રમે ચાલ્યા પાટણમાંથી, સાથે મૂરતિ લઈ તિહાંથી રે.
પાસજી૦ ૩
આગળ રાધનપુરે આવ્યા, દાણી દાણ લેવાને આવ્યા રે;
ગણે ઉંટ ભૂલે લેખે, એક ઓછો અધિકો દેખે રે.
પાસજી૦ ૪
દાણી મળી મેઘાશાને પૂછે, કહો શેઠજી કારણ શું છે રે;
દાણી મળી સહુ વિચારે મનમાં, એતો કૌતુક દીસે એમાં રે.
પાસજી૦ ૫
મેઘો કહે સુણો દાણી, અમે મૂરતિ ગોડીની આણી રે;
તે મૂર્તિ એ ઉર ઉપરે, કિમ જાળવીએ બીજે ઠામ રે.
પાસજી૦ ૬

પારસનાથતણા સુપસાયે, દાણી દાણ મેલી ઘેર જાય રે;
યાત્રા કરી સહુ નિજઘર આવે, જિનપૂજા આનંદ પાવે રે.

પાસજી૦ ૭

અનુક્રમે આવ્યા પારકર માંહે, ભૂદેસર નયર છે જ્યાંહિ રે;
વધામણી દીધી જે પુરૂષે, થયો રળિયાત બહુ હરખે રે

પાસજી૦ ૮

## ઢાળ પાંચમી

સંઘ આવે મળી સામટો રે લો, દરિશન કરવા કાજ ભવિ પ્રાણી રે;
ઢોલ નગારા દડદડે રે લો, નાદે અંબર ગાજ ભ૦
સુણજે વાત સોહામણી રે લો. ૧
ઓચ્છવ મહોત્સવ ઘણો કરે રે લો, ભેટે શ્રી પાર્શ્વનાથ ભ૦;
પૂજા પ્રભાવના કરે ઘણી રે લો, હરખ પામ્યા સહુ સાથ ભ૦ સુ૦ ૨
સંવત ચૌદ બત્રીશમે રે લો, ફાગણ શુદની બીજ ભ૦;
થાવરવારે થાપીયા રે લો, નરપતિ પામ્યા રીઝ ભ૦ સુ૦ ૩
એક દિન કાજલશા કહે રે લો, મેઘાશાને વાત રે ભ૦;
નાણું અમારું લેઈ કરી રે લો, ગયા હતા ગુજરાત રે ભ૦ સુ૦ ૪
તે ધન તમે કિહાં વાવર્યું રે લો, તે દીયો લેખો આજ રે ભ૦;
તવ તે ભાખે શેઠને રે લો, ખર્ચ્યું ધર્મને કાજ ભ૦ સુ૦ ૫
સ્વામીજી મનમાં ચિંતવે રે લો, પાંચશે દીધા દામ ભ૦;
કાજલ કહે તમે શું કર્યું રે લો, પત્થર કોણ આવે કામ ભ૦ સુ૦ ૬
કાજલને મેઘો કહે રે લો, એ વ્યાપારમાં નહિ ભાગ ભ૦;

તે પાંચશે શિર માહરે રે લો, તે માંહે તુમને ન લાગ ભ૦ સુ૦ ૭
મેઘાશાની ભારજા રે લો, મરગા દે નામ રે ભ૦;
ભલામેરો ને મહિયો સારખા રે લો, બહુ રતિ ચિંતા કામ રે ભ૦ સુ૦ ૮

## ઢાળ છઠ્ઠી

સા કાજલ મેઘાભણી, બેહુ જણ માંહે સંવાદ મેરે લાલ;
તિંહા મેઘો ધનરાજને, એક દિન કીધો સાજ મેરે૦
સુણજો વાત સોહામણી. ૧
એ પ્રતિમા પૂજો તમે, ભાવ આણીને ચિત્ત મેરે લાલ;
બાર વરસ લગે તિહાં, પૂજે ખર્ચે વિત્ત મેરે૦ સુ૦ ૨
એક દિન સુહણે ઈમ કહે, મેઘાશાને વાત મેરે૦
તું અમ સાથે આવજે, પરવારી પરભાત મેરે૦ સુ૦ ૩
વેલ લેજે ભાવલ તણી, ચારણ જાત છે તેહ મેરે૦;
દેવાનંદા અંક તણી, દોય વૃષભ છે જેહ મેરે૦ સુ૦ ૪
વેલ ખેડે તું એકલો, મત લેજે કોઈ સાથ મેરે૦;
થલા વાડી ભણી હાંકજે, મુજને રાખજાજો હાથ મેરે૦ સુ૦ ૫
એમ મેઘાને વિનવી, જક્ષ ગયો નિજ ઠામ મેરે૦;
રવિ ઉગે મેઘે તિહાં, કરવા માંડ્યો કામ મેરે૦ સુ૦ ૬
વેલ લીધી ભાવલ તણી, વૃષભ આણ્યા વળી દોય મેરે૦;
વેલ જોડી સ્વામીતણી, તે જાણે સહુ કોઈ મેરે૦ સુ૦ ૭
તવ મેઘો તે વેલને, ખેડી ચાલ્યો જાય મેરે૦;
અનુક્રમે મારગ ચાલતાં, આવ્યા થલા વડી માંયે મેરે૦ સુ૦ ૮

## ઢાળ સાતમી

તિહાં મોટાને છોટા થલ ઘણાં, દિસે વૃક્ષ તણો નહિ પારો રે;
વળી ભૂત-પ્રેત વ્યંતર ઘણા, તિહાં ડર તણો નહિ પારો રે.
સાહા મેઘો ઈણિપરે ચિંતવે. ૧
તિહાં મેઘો ઈણિપરે ચિંતવે, મુને હવે કવણ આધાર રે;
તિહાં જક્ષ આવીને એમ કહે, તું મત કર ફિકર લગાર રે. સા૦ ૨
તિહાં વેલ હાંકોને ચાલીયો, આવ્યું ઉજ્જડ ગોડિપુર ગામ રે;
તિહાં વાવ રોવર કુવા નહિં, નહિં મોલ મંદિર ને ઠામ રે. સા૦ ૩
તિહાં વેલ થંભાણી હાલે નહિ, તવ મેઘો હુઓ દીલગીર રે;
મુજ પાસે નથી કોઈ દોકડો, કેમ ભાંજશે મનભીડ રે. સા૦ ૪
તિહાં રાત પડી રવિ આથમ્યો, ચિંતાતુર થઈને બેઠો રે;
તિહાં મેઘા ભણી આવી કહે, સોહણમાંહે જક્ષ એકાંત રે. સા૦ ૫
હવે સાંભળ મેઘા હું કહું, આવ્યો છે ગોડીપુર ગામ રે;
દેરાસર કરજે ઈહાં, ઉત્તમ જોઈને ઠામ રે. સા૦ ૬
તું જાજે દક્ષિણ દિશા ભણી, પડ્યું છે લીલું છાણું રે;
તિહાં કુવે ઉમટશે પાણી તણો, વળી પ્રગટશે પાણીની ખાણ રે.સા૦ ૭
પાસે ઉગ્યો ઉજવલ આકડો, તે હેઠલ ધન બહોળો રે;
પૂર્યો છે ચોખા તણો સાથીઓ, તિહાં પાણી તણો કુવો પોતે રે. સા૦ ૮

## ઢાળ આઠમી

શિલાવટ શિરોહી ગામે, તિહાં રહે છે ચતુર બહુકામે હો
શેઠજી સાંભળો;
રોગ છે તેહને શરીરે, ન્હવણ કરી છાંટજે નીરે હો શેઠ૦ ૧

રોગ જાશે ને સુખ થાશે, બેઠો ઈહાં કામ કમાશે હો શે૦;
જક્ષ ગયો એમ કહીને, કરે શેઠજી ઉદ્યમ વહીને હો શે૦ ૨
જ્યોતિષ નિમિત્ત જોવરાવે, દેરાસર પાયો મંડાવે હો શે૦;
શિલાવટને તેડાવે, વળી ધનની ખાણ ખણાવે હો શે૦ ૩
ગોડીપુર ગામ વસાવે, સગાં સહુને તેડાવે હો શે૦;
એમ કરતા બહુ દિન વીત્યા, થયો મેઘો જગત વિદિતા હો શે૦ ૪
એક દિન સા કાજલ આવી, કહે મેઘાને વાત બનાવી હો શે૦;
એ કામમાં ભાગ અમારો, અર્ધ તારો ને અર્ધ મારો હો શે૦ ૫
એમ કરી દેરાસર કરીએ, જિમ જગમાં જસ લીજે રે હો શે૦;
હવે મેઘો કહે તેહને, દામ જોઈએ છે કેહને હો શે૦ ૬
સ્વામીજીના સુપસાયે, ઘણા દામ છે ભાઈ આહિં હો શે૦;
એકદિન કહેતા આમ, એ પત્થરનો કુમ કામ હો શે૦ ૭
ક્રોધ વશે પાછો વળીયો, પણ દગો મનમાંહે ભલીયો હો શે૦;
હવે કાજલ મનમાં ચિંતવે, મારું મેઘો થાઉં નચિંતે હો શે૦ ૮

## ઢાળ નવમી

પરણાવું પુત્રી માહરી રે લો, ખરચી દ્રવ્ય અપાર રે ચતુર નર;
નાત જમાડું આપણી રે લો, તેડું મેઘો તેણીવાર રે ચ૦
સાંભળજો શ્રોતા તમે રે લો૦ ૧
જો મેઘો મારું તો ખરો રે લો, તો મુઝ હોય કરાર રે ચ૦;
દેવળ કરાવું હું એકલો રે લો, તો નામ રહે નિરધાર રે ચ૦ ૨
એમ ચિંતવી વિવાહનો રે લો, કરે કાજલ તત્કાળ રે ચ૦;
સાજનને તેડાવીયા રે લો, ગોરીઉં ગાવે ધમાલ રે ચ૦ ૩

મેઘાશા ભણી નોતર્યા રે લો, મોકલે કાજલશાહ રે ચ૦;
વિવાહ ઉપર આવજો રે લો, અવશ્ય કરીને આંહિ રે ચ૦ ૪
સાંભળી મેઘો ચિંતવે રે લો, કિમ કરી જઈએ ત્યાંહિ રે ચ૦;
કામ અમારે છે ઘણું રે લો, દેરાસરને આંહિ રે ચ૦ ૫
તવ મેઘો કહે તેહને રે લો, તેડી જાઓ પરિવાર રે ચ૦;
કામ મેલી કિમ આવીયો રે લો, તે જાણી નિરધાર રે ચ૦ ૬
મેઘાશાની સહુ સાથમાં રે લો, પુત્ર કલત્ર પરિવાર રે ચ૦;
મરગાદિ સાથ લેઈ કરી લો, તેડી આવ્યા પરિવાર રે ચ૦ ૭
કહે કાજલ મેઘો કિહાં રે લો, ઈહાં ન આવ્યા કેમ રે ચ૦;
મેઘા વિણ કિમ ચાલશે રે લો, નાત તણી સવિ વાત રે ચ૦ ૮

## ઢાળ દશમી

કહે જક્ષ મેઘા ભણી રે લો, તાહરે હવે આવી બન્યું રે લો;
કાજલ આવશે તેજવા રે લો, કુડ કરી તુજ તેડવા રે લો. ૧
તું મત જાજે તિહાં કને રે લો, ઝેર દઈ હણશે તને રે લો;
તેડ્યા વિણ જાએ નહિ રે લો, નમણ કરી લેજે સહી રે લો. ૨
દુધમાંહે દેશે ખરું રે લો, નમણ પીધે જાશે પરુ રે લો;
તે માટે તુજને ઘણું રે લો, માને વચન સોહામણું રે લો. ૩
જક્ષ ગયો કહી તેહવે રે લો, કાજલશા આવ્યો તેણીવાર રે;
કહે મેઘાને સાંભળો રે લો, આવો મેલી મન આમળો રે લો. ૪
તુમ આવ્યા વિણ કેમ સરે રે, નાતમાં શોભા કેણિ પરે રે લો;
તુમ સરિખા આગે સગા રે લો, તો મન થાયે ઉમંગ રે લો. ૫
જો અમને કાંઈ લેખવો રે લો, તો આડુંઅવળું મત દાખવો રે લો;
હઠ કરી બેઠા તુમે રે લો, ખોટી થાઈએ છીએ અમે રે લો. ૬

હું આવ્યો ધરતી ભરી રે લો, તો કિમ જાઉં પાછો ફરી રે લો,
સા મેઘે મન ચિંતવ્યું રે લો, અતિ તાણ્યું કિમ પરવડે રે લો. ૭
કાજલ સાથે ચાલીયો રે લો, ભૂદેશરમાં આવીયો રે લો;
નમણ વિસાર્યું તિહાં કને રે લો, ભાવિ વસ્તુ આવી બને રે લો. ૮

## ઢાળ અગીયારમી

નાત જમાડી આપણી, દેઈને બહુમાન;
વર કન્યા પરણાવીયાં, દીધાં બહુલાં દાન. ૧
કાજલ કહે નારી ભણી, મેઘા શું અમ ભેલા;
જમણ દેજો વિષ ભેળવીને, જમતાં દુધજ વેળા. ૨
દુધ તણી છે આખડી, તુમને કરીશ હું રીસ;
મેઘાને મેલવો નહિ, જમણ તવ તે પ્રીસ. ૩
તવ નારી કહે પિઉજી, મેઘાને મત મારો;
કુળમાં લંછન લાગશે, પંચમાકારો. ૪
પણ કાજલ માને નહિં, નારી કહીને હારી;
મન ભાંગ્યું મોતી તુટ્યું, તેહને ન લાગે કારી. ૫
ઈમ શિખવી નિજ નારીને, જમવાને બેઉ જણ બેઠા;
ભેળા એકજ થાળીયે; હિયે હરખે હેઠા. ૬
દુધ આણ્યું તિહાં નારીએ, પીરસ્યું થાળીમાંહે;
કાજલ કહે મુજ આખડી, પીધું મેઘાશાહે. ૭
મેઘાને હવે તત્ખણે, વિષ વ્યાપ્યું અંગોઅંગ;
શ્વાસોચ્છ્વાસ રમી ગયા, પામ્યા ગત સ્વરંગ. ૮

## ઢાળ બારમી

આવી મૃગાદેવીઉ દેખને રે, રોતી કહે તિણે વાર રે;
મહિયો મેરો તે પિણ બિહુ જણ રે, અતિ ઘણો
કરે પોકાર રે. ૧
ફીટરે કુલહીણા કાજલ શું કર્યું રે લો, ના'વી લાજ લગાર;
મુખ દેખાડીશ કેમ લોકમાં રે, ધિગ્ ધિગ્ તુજ અવતાર રે. ૨
વીરડા તેં ન જાણ્યું મન એહવું રે, તારી ભગિનીનો
કુણ સલુક રે;
મારે તો કર્મે એ છાજ્યું નહીં રે, પડી દીસે છે
મુજમાં ચૂક રે. ૩
એવા લખીયા છઠ્ઠી અક્ષરો રે, તો હવે દીજે કુણને દોષ રે;
નિરધારી મેલી ગયો નાહલો રે, મુજને ન કીધો કોઈ રીસ રે. ૪
એમ વલવલતી મૃગાદે કહે રે, વીરા તેં ત્રોડી મોરી આશ રે;
તુજને કિમ ઉકલ્યું એહવું રે, કોઈની ન પુરી થઈ આશ રે. ૫
કુડ કરીને મુજને છેતરી રે, કીધો તેં પોતે અન્યાય રે;
મારા નાનકડા બેઉ બાલુડાં રે, મિલશે કેહને ધાય રે. ૬
અધવચ દેરાસર રહ્યા રે, જગમાં નામ રહ્યું નિરધાર રે;
નગરમાં વાત ઘર ઘર વિસ્તરી રે, સહુ કોના દિલમાં
આવ્યો ખાર રે. ૭
દ્વેષ રાખીને મેઘો મારીયો રે, એ તો કાજલ કપટ ભંડાર રે;
મનનો મેલો ધીઠો એહવો રે, એમ બોલે છે નર નાર રે. ૮

## ઢાળ તેરમી

હો બેની અગ્નિદાહ, હવે દેઈ કરી, સહુ કો આવ્યા નિજ ઠામ હો;
હો બેની કાજલ કહે તું મન રૂવ એ, ન કરૂં એવા કામ હો. ૧
હો બેની લેખ લખ્યો તે લાભીઓ, દીજે કોણને દોષ હો;
હો બેની જન્મ મરણ હાથે નહીં, તે શું રાખવો શેષ હો. ૨
હો બેની એ સંસાર છે કારમો, ખોટી માયાજાલ હો;
હો બેની એક આવે ઠાલી ભરી, જેવી અરહટની માલ હો. ૩
હો બેની સુખ દુઃખ સરજયાં પામીએ, નહિ કોઈને હાથ હો;
હો બેની મ કર ફિકર લગાર તું, બોહલી છે આપણી હાથ હો. ૪
હો બેની ખાઓ પીઓ સુખ ભોગવો, મ કરો ચિંતા લગાર હો;
હો બેની જે જોઈએ તે મુજને કહો, તે આણું નિરધાર હો. ૫
હો બેની જિનપ્રાસાદ કરાવશું, મહિતલ રાખશું નામ હો;
હો બેની ઈજ્જત તે આપણ ઘરતણી, ખોશું કિમ કરી નામ હો. ૬
હો બેની સોઢાને હાથે સોંપશું, એ ગોડીપુર ગામ હો;
હો બેની ચાલોને આપણો સૌ તિહાં, હું લેઈ આવું દામ હો. ૭
હો બેની અનુક્રમે ચાલ્યા સહુ મળી, ગોડીપુર ગામ મોઝાર હો;
હો બેની જિનનો પ્રાસાદ કરાવીઓ, કાજલશાહે તિણવાર હો. ૮

## ઢાળ ચૌદમી

દેરે શિખર ચઢાવીયો, થિર ન રહે તેણીવારજી;
કાજલ મનમાં ચિંતવે, હવે કુણ કરશું પ્રકારજી,
ભવિજન સાંભળો ભાવશું. ૧
બીજીવાર ચઢાવીયો, પડે હેઠો તત્કાળજી;
સોહણામાંહિ જક્ષ આવીને, મેહરાને કહે સુવિલાસજી. ભ૦ ૨

તું ચઢાવે જો જઈને, થિર રહેશે શિર જેહજી;
કાજલને જશ કિમ હોવે, મેઘો માર્યો તેહજી. ભ૦ ૩
મેહરે શિખર ચઢાવીયો, નામ રાખ્યાં જગમાંહેજી;
મૂરતિ સ્થાપી પાર્શ્વની, સંઘ આવે ઉચ્છાહેજી. ભ૦ ૪
દેશ પરદેશી આવે ઘણા, આવે લોક અનેકજી;
ભાવ ધરી ભગવંતને, વાંદે અનેક વિવેકજી. ભ૦ ૫
સંવત ચૌદ ચુમ્માલીમાં, દેરે પ્રતિષ્ઠા કીધીજી;
મહિઓ મેરો મેઘા તણો, રંગે જગમાં જસ લીધોજી. ભ૦ ૬
ખરચે દ્રવ્ય ઘણાં તિહાં, રાય રાણા તિણવારજી;
માનતા માને લાખની, ટાળે કષ્ટ અપારજી. ભ૦ ૭
નિર્ધનીયાને ધન દીએ, અપુત્રીયાને પુત્રજી;
રોગ નિવારે રોગીનાં, ટાળે દારિદ્ર દૂરજી. ભ૦ ૮

## ઢાળ પંદરમી

આજ અમ ઘર રંગ વધામણાં, આજ ત્રુઠા ગોડી પાસ;
આજ ચિંતામણી આવી ચઢ્યો, આજ સફળ ફળી મુજ આશ.
આજ અમ ઘર રંગ વધામણાં. ૧
આજ સુરતરુ ફળ્યો આંગણે, આજ પ્રગટી મોહનવેલ;
આજ બિછડીયાવાલા મિલ્યા, આજ અમ ઘર હુઈ રંગ રેલ.
આજ અ૦ ૨
આજ અમ ઘર આંબો મહોરિઓ, આજ વુઠી સોવન ધારજી;
આજ દૂધે વુઠા મેહુલા, આજ આવી ગંગા બારજી.
આજ અ૦ ૩
આજ ગાયો ગોડીપુરનો ધણી, શ્રી સંઘ કરે ઉત્સાહ;
ચોમાસું કીધું ચોપસું, મોટી તે મહિયલમાંહે જી.
આજ અ૦ ૪

ચઉઆણાં વાચા ચિહું ખુંટમાં, તેમાં મોટો જાણો;
મેઘદાસ દુર્લભજી જાણીએ, એહવા ધરતીમાં ધણી નહીં કોય.
આજ અ૦ ૫
રામના રાજરાણી પરે, ચલાવે જગમાં રીત;
સોલંકી સાથમાં શોભતા, વિવેકી વાઘા સુવિનીત આજ
આજ અ૦ ૬
પરમાણ વોરા પરતાપશી, સમરથ રાજકાજમાં કામ;
ભણશાલી નાથો તિહાં શોભતા, તેહને ઘર બોહળા દામ.
આજ અ૦ ૭
સંઘવી લીધો તે જાણીએ, લૂણો મેતામાં હોય;
શેઠમાંહે દીપો વખાણીએ, વલી મનો નેમજી જેય.
આજ અ૦ ૮
સા રૂપો ટોલી જાણીએ, તપગચ્છમાં તિક સમાન;
મહિયલ મહાજન શોભતા, દિન દિન દોલત કરી વાન.
આજ અ૦ ૯
શ્રી હિરવિજયસૂરીશ્વરુ, તેના શુભવિજય કવિ સીસ;
તેના ભાવવિજય કવિ દીપતા, તાસ સીસ ધુનમુનિ દીસ.
આજ અ૦ ૧૦
તેના રુપવિજય કવિરાજના, તેના કૃષ્ણ નમું કર જોડ;
વળી રંગવિજય રંગે કરી, હું પ્રણમું પ્રણિપત કોડ.
આજ અ૦ ૧૧
સંવત અઢાર સત્તોતરે, ભાદ્રવ માસ ઉદાર;
હોજી તેરસ કુંજવાસરે, એમ નેમવિજય જયકાર રે.
આજ અ૦ ૧૨

## પોષદશમીની સજ્ઝાય

કાશીદેશ બનારસી સુખકારી રે, અશ્વસેન રાજન,
પ્રભુ ઉપકારી રે;
પટ્ટરાણી વામા સતી, સુ૦ રૂપે રંભા સમાન. પ્ર૦ ૧
ચૌદ સુપન સૂચિત ભલાં, સુ૦ જન્મ્યા પાસ કુમાર; પ્ર૦
પોષવદિ દશમી દિને, સુ૦ સુર કરે ઉત્સવ સાર. પ્ર૦ ૨
દેહમાન નવ હાથનું, સુ૦ નીલ વરણ મનોહાર; પ્ર૦
અનુક્રમે જોબન પામીયા, સુ૦ પરણી પ્રભાવતી નાર. પ્ર૦ ૩
કમઠ તણો મદ ગાલીયો, સુ૦ કાઢ્યો જલતો નાગ; પ્ર૦
નવકાર સુણાવી તે કીયો, સુ૦ ધરણરાય મહાભાગ. પ્ર૦ ૪
પોષ વદી એકાદશી,સુ૦ વ્રત લઈ વિચરે સ્વામ; પ્ર૦
વડતલે કાઉસ્સગ્ગે રહ્યા, સુ૦ મેઘમાલી સુર તામ. પ્ર૦ ૫
કરે ઉપસર્ગ જલવૃષ્ટિનો, સુ૦ આવ્યું નાસિકાનીર; પ્ર૦
ચુક્યા નહિ પ્રભુ ધ્યાનથી, સુ૦ સમરથ સાહસ ધીર. પ્ર૦ ૬
ચૈત્ર વદિ ચોથને દિનેસુ૦ પામ્યા કેવલનાણ; પ્ર૦
ચઉવિહ સંઘ થાપી કરી, સુ૦ આવ્યા સમેતગિરિ ઠાણ. પ્ર૦૭
પાલી આયુ સો વર્ષનું સુ૦ પહોંતા મુક્તિ મહંત; પ્ર૦
શ્રાવણ સુદિ દિન અષ્ટમી, સુર કીધો કર્મનો અંત. પ્ર૦ ૮
પાસ વીરને આંતરૂં, સુ૦ વર્ષ અઢીસેં જાણ; પ્ર૦
કહે **માણેક** નિજ દાસને, સુ૦ કીજે કોટિ કલ્યાણ. પ્ર૦ ૯

## શ્રી પાર્શ્વજિન છંદ

( રાગ : કડખા )

પાસ શંખેશ્વરા સાર કર સેવકા, દેવ કા એવડી વાર લાગે,
કોડી કરજોડી દરબાર આગે ખડા, ઠાકુરા-ચાકુરા માન માગે ॥ ૧ ॥
પ્રકટ થા પાસજી મેલી પડદો થશે, મોહ અસુરાણને આપ,
છોડો મુજ મહિરાણ મંજુષમાં પેસીને, ખલક ના નાથજી બંધ ખોલો ॥ ૨ ॥
જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ
ઉંઘે ? મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાલ મોંઘે ॥૩॥
ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષણે ત્રીકમે તુજ સંભાર્યો,
પ્રકટ પાતાલથી પલકમાં તે પ્રભુ, ભક્ત જન તેહનો ભવ નિવાર્યો ॥૪॥
આદિ અનાદિ અરિહંત તું એક છે, દીન-દયાલ છે કોણ દૂજો ?
ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પાસજી, પામી ભયભંજનો એહ પૂજો ॥૫॥

## શ્રી જીરાવલિ પાર્શ્વનાથ સ્તોત્ર

ઓં હ્રીં શ્રી જીરાવલિ પાર્શ્વનાથાય નમઃ જીરાવલ્લિ પ્રભુ
પાર્શ્વ પાર્શ્વ પક્ષેણ સેવિતમ્ અર્ચિતં ધરણેંદ્રેણપદમા
વત્યાપ્રયૂર્જિતમ્ સર્વમંત્રમય સર્વકાર્યસિદ્ધિકરં પરમ
દયાયામિ હૃદયાં ભોજે ભૂતપ્રેત પણ શક્રમ ॥૨॥
શ્રી મેરુતુંગસૂરિંદ્રઃ શ્રીમત્ પાર્શ્વ પ્રભો પુરઃ
ધ્યાનસ્થિતં, હૃદિધ્યાયન્, સર્વ સિદ્ધિ લભે ધ્રુવં. ॥૩॥
શ્રી પાર્શ્વ શોવિભાશાલી લક્ષ્મી રાજય જયપ્રદઃ
જગદ્ગુરુ જગવ્યેકઃ જીરાપલ્લિ વિભૂષણમ્ ॥૪॥

જીરાપલ્લિપૂરે ફલર્ધિ નગરે વાણારસી સ્વામિનિ
શ્રી શંખેશ્વર નામકેષુ મથુરા સેરીસૂકે સ્તંભંને
શ્રી મટ્રાહડયલ્લિભિંપટ્ટનયોર્નાગે પ્રહેશ્રીપુરે,
ભાલજ્જે કરહેટકેજિનપતિં શ્રી પાર્શ્વનાથં સ્તુવે ॥૫॥
જીરાપલ્લિ વિભૂષણં જિનમિતિ શ્રી પાર્શ્વનાથં મુદા,
શક્રાલિમુનિસુંદર સ્તુતિ ગણૈર્નૂતક્રમં યઃ સ્તુતે,
સર્વાભીષ્ટ, સુખોચ્ચપૈરવિરતં સ્ફુર્જત્પ્રમોદાદ્ધયોઃ
મોહદ્વેષીજટાશ્રિયા સલભતે શ્રેયોડચિરાચ્છાધતમ્ ॥૬॥

## શ્રી કલિકુંડ પાર્શ્વનાથજીનું ચમત્કારીક સ્તોત્ર

ૐ હ્રીં શ્રીં તં નમહ પાસનાહં
ૐ હ્રીં શ્રીં ધરણિંદ નમંસિય દુહવિણાસં
ૐ હ્રીં શ્રીં જસ્સ પહાવેણ સયા
ૐ હ્રીં શ્રીં નાસંતિ ઉવદવા બહવે...૧
ૐ હ્રીં શ્રીં પઈ સમરંતાણ મણે
ૐ હ્રીં શ્રીં હોઈ વાહી ન તં મહાદુક્ખં
ૐ હ્રીં શ્રીં નામં પિહુ મંતસમં
ૐ હ્રીં શ્રીં પયડં નત્થિત્થ સંદેહો...૨
ૐ હ્રીં શ્રીં જલ જલણ ભયે તહ સપ્પસિંહ-
ૐ હ્રીં શ્રીં ચોરારિ સંભવેખિપ્પં જો સમરેઈ પાસપહું
ૐ હ્રીં શ્રીં ક્લીં પહવઈ ન કયાવિ કિં તસ્સ...૩
ૐ હ્રીં શ્રીં ઈહ લોગટ્ઠિ - પરલોગટ્ઠિ

ૐ હ્રીં શ્રીં જો સમરેઈ પાસનાહં તુ
ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રઃ ગ્રાં ગ્રીં ગ્રૂં ગઃ તં
તહ સિજ્ઝઈ ખિપ્પં
ૐ હ્રીં શ્રીં ઈય નાહં સમરહ ભગવંતં...૪
ૐ હ્રીં શ્રીં ક્લીં ગ્રાઁ ગ્રૂં ક્લીં ક્લીં કલિકુંડસ્વામિને નમઃ।

(પ્રતિદિન ૭ વાર સ્તોત્ર ગણવું.)

## શ્રી વિષહર પાર્શ્વનાથનો મહામંત્ર

ૐજિતું ૐજિતું ૐ-જિ ઉપશમ ધરી ॥
ૐ હ્રીં પાર્શ્વ અક્ષર જપંતે ॥
ભૂતને પ્રેત જોટીંગ વ્યંતર સુરા ॥
ઉપશમે વાર એકવીસ ગુણંતે ॥ ઑજિતું૦ ॥૧॥
દુષ્ટ ગ્રહ રોગ શોક જરા જંતુને ॥
તાવ એકાંતરો દિન તપંતે ॥
ગર્ભબંધન વારણ સર્પ વીંછી વિષ,
બાલકા બાલની વ્યાધિ હરન્તે ॥ઑ૦ ॥૨॥
શાકિની ડાકિની રોહિણી રાંધણી ॥
ફોટીકા મોટીકા દુષ્ટ હંતિ ॥
દાઢ ઊંદર તણી કોલ નોલા તણી ॥
શ્વાન શિયાળ વીકરાલ દંતિ ॥ઑ૦ ॥૩॥
ધરણ પદ્માવતી સમરી શોભાવતી ॥
વાટ અઘાટ અટવી અટંતે ॥
લક્ષ્મી લુંદો મલે સુજશ વેલાવલે ॥

સયલ આશા ફલે મન હસંતે ॥ૐ૦ ॥૪॥
અષ્ટ મહા ભય હરે, કાન પીડા ટલે ॥
ઉત્તરે શુલ-શીશક ભણંતે ॥
વદતિ વર પ્રીત-શું પ્રીતિવિમલ પ્રભો ॥
પાર્શ્વજિન નામ અભિરામ મંતે ॥ૐ૦ ॥૫॥

## શ્રી ઉવસગ્ગહરં મહાપ્રભાવિક સ્તોત્રમ્

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહર-વિસ-નિન્નાસં, મંગલકલ્લાણ-આવાસં. ૧
વિસહર-ફુલિંગ-મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ-રોગ-મારી દુટ્ઠ-જરા જંતિ ઉવસામં. ૨
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામોવિ બહુફલો હોઈ;
નરતિરિએસુવિજીવા, પાવંતિ ન દુખ્ખ દોગચ્ચં. ૩
ૐ અમરતરૂ-કામધેણુ, ચિંતામણિ-કામ-કુંભ-માઈયા;
સિરિપાસનાહસેવા, ગહાણ સવ્વેવિ દાસત્તમ્. ૪
ૐ હ્રીં શ્રીં ઐં તુહ દંસણેણ સામિય, પણાસેઈરોગ-સોગ-દુઃફ્ખ-દોહગ્ગં;
કપ્પતરૂમિવ જાયઈ, ૐ તુહ દંસણેણ સવ્વફલહેઉ સ્વાહા. ૫
ૐ હ્રીં નમિઉણ વિગ્ઘનાસય, માયાબીએણ ધરણ-નાગિંદં;
સિરિકામરાજ કલિઅં, પાસજીણિંદં નમંસામિ. ૬
ૐ હ્રીં શ્રીં સિરિપાસવિહર વિજ્જામંતેણ ઝાણઝાએજ્જા;
ધરણ-પઉમાવઈ દેવી, ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્યૂં સ્વાહા. ૭
ૐ જયઉ ધરણિંદ-પઉમાવઈ ય નાગિણી વિજ્જા,
વિમલઝાણસહિયો, ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્યૂં સ્વાહા. ૮

ૐ થુણામિ પાસનાહં, ૐ હ્રીં પણમામિ પરમભત્તીએ,
અટ્ઠક્ખર-ધરણેન્દો-પઉમાવઈ પયડિયા કિત્તી. ૯
જસ્સ પયકમલમજ્ઝે, સયા વસેઈ પઉમાઈય ધરણિંદો;
તસ્સનામઈ સયલં, વિસહર-વિસં નાસેઈ. ૧૦
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં-જીવા અયરામરં ઠાણં. ૧૧
ૐ નટ્ઠટ્ઠ-મયઠાણે, પણઠ-કમ્મટ્ઠનટ્ઠ-સંસારે;
પરમટ્ઠ-નિઠ્ઠિ-અઠે, અઠગુણાધિસરં વંદે. ૧૨
ૐ ગરૂડો વનિતાપુત્રો, નાગલક્ષ્મીં મહાબલ;
તેણ મુચ્ચંતિ મુસા, તેણ મુચ્ચંતિ પન્નગા. ૧૩
સ તુહ નામ સુદ્ધમંતં, સમ્મં જો જવેઈ સુદ્ધભાવેણ;
સો અયરામરં ઠાણં, પાવઈ ન ય દોગ્ગઈ દુખ્ખંવા. ૧૪
ૐ પંડુ-ભગંદર-દાહં, કાસં સાસં ચ સૂલમાઈણિ;
પાસપહુપભાવેણ, નાસંતિ સયલ રોગાઈં હ્રીં સ્વાહા. ૧૫
ૐ વિસહર-દાવાનલ-સાઈણિ-વેયાલ-મારિ-આયંકા;
સિરિનીલકંઠપાસસ્સ, સ્મરણમિત્તેણ નાસંતિ. ૧૬
પન્નાસં ગોપીડાં કુરગ્રહ, તુહ દસણં ભયંકાયે;
આવિ ન હું તિ એ-તહ વિ, તિસંજ્જ જં ગુણિજ્જાસો. ૧૭
પીંડ જંત ભગંદર ખાસ, સાસ શૂળ તહ નિવાસ;
સિરિસામલ પાસ મહંત, નામ પઉર પઊલેણ. ૧૮
ૐ હ્રીં શ્રીં પાસધરણસંજુત્તં,
વિસહરવિજ્જં જવેઈ સુદ્ધમણેણં;

પાવઈ ઈચ્છિયં સુહં, ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્ર્યૂં સ્વાહા. ૧૯

ૐ રોગ-જલ-જલણ-વિસહર ચૌરારિ-મઈંદ-ગય-રણ-ભયાંઈ;
પાસજિણનામ સંકિત્તણેણં, પસંમતિ સવ્વાંઈ હ્રીં સ્વાહા. ૨૦

ૐ જયઉ ધરણિંદ નમંસિય, પઉમાવઈ પમુહ નિસેવિય પાયા;
ૐ ક્લીં હ્રીં મહાસિદ્ધિં, કરેઈ પાસ જગનાહો. ૨૧

ૐ હ્રીં શ્રીં તં નમઃ પાસનાહં,
ૐ હ્રીં શ્રીં ધરણેન્દ્ર નમંસિયં દુહવિણાસં;
ૐ હ્રીં શ્રીં જસ્સ પભાવેણ સયા,
ૐ હ્રીં શ્રીં નાસંતિ ઉવદ્દ્વા બહવે. ૨૨

ૐ હ્રીં શ્રીં પઈ સમરંતાણ મણે,
ૐ હ્રીં શ્રીં ન હોઈ વાહિ ન તં મહાદુખ્ખં;
ૐ હ્રીં શ્રીં નામંપિ હિ મંતસમં,
ૐ હ્રીં શ્રીં પયડં નત્થીત્થ સંદેહો ૨૩

ૐ હ્રીં શ્રીં જલ-જલણ-ભય તહ સપ્પસિંહ,
ૐ હ્રીં શ્રીં ચોરારિ સંભવે ખિપ્પં;
ૐ હ્રીં શ્રીં જો સમરેઈ પાસપહું,
ૐ હ્રીં શ્રીં ક્લીં પુહવિક્યા વિ કિં તસ્સ. ૨૪

ૐ હ્રીં શ્રીં ક્લીં હ્રીં ઈહ લોગટ્ઠી પર લોગટ્ઠી,
ૐ હ્રીં શ્રીં જો સમરેઈ પાસનાહં:
ૐ હાઁ હ્રીં હૂઁ : હુઁ ગાઁ ગુઁ ગઁ :,
તં તહ સિજ્ઝઈ ખિપ્પં. ૨૫

ઈહ નાહ સ્મરહ ભગવંત, ૐ હ્રીં શ્રીં ક્લીં ગ્રાઁ ગ્રીં ;
ગ્રુઁ ગ્રઁ ક્લીં ક્લીં, શ્રી કલિકુંડસ્વામિને નમઃ ૨૬
ઈય સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ;
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવ પાસ જીણચંદ. ૨૭

**પોષ દશમી પર્વ આરાધના વિધિ (મારવાડી - પોષ વદ)**

માગસર વદ ૯/૧૦/૧૧ ત્રણ દિવસ આયંબિલ અથવા એકાસણા દ્વારા તેમજ દર મહિનાની વદ દશમના દિવસે આયંબિલ તપ તથા એકાસણું કરવું ( આ પર્વઆરાધનાથી સમાધિ મૃત્યુની પ્રાપ્તિ થાય છે.)

બાર લોગ્ગસ્સનો કાઉસ્સગ

બાર ખમાસમણ


નવકારવાળી ૨૦

ૐ હ્રીં શ્રી શંખેશ્વરાય પાર્શ્વનાથાય નમઃ

**પ.પૂ. તપાગચ્છસૂર્ય ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન (પંચ પરમેષ્ઠિના તૃતીય પદે આરૂઢ થનાર) પંન્યાસપ્રવર રત્નશેખર વિજયજી મ. સા. ની પ્રેરણાથી**

- શ્રી શાન્તાક્રુઝ તપાગચ્છ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ- મુંબઈ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - નાગપુર
- શ્રી સાગર જૈન ઉપાશ્રય - પાટણ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન-સમી
- શ્રી સુપાર્શ્વનાથાય શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નખત્રાણા, કચ્છ
- શ્રી ભક્તિ પાર્શ્વનાથ આનંદનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નવાવાડજ, અમદાવાદ.
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - ઉદયપુર
- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ગોદાવરી, અમદાવાદ
- મુનીશ્રી વિદ્યાચંદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી તેમના ૨૫ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે...
  શ્રી કચ્છ-કોડાય વિશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન મહાજન સંઘ
- ભરતભાઈ ભાઈલાલભાઈ - ગોરેગાંવ, મુંબઈ
- અમેરિકા નિવાસી લીલાવતીબેન વીરચંદભાઈ શાહ પરિવાર

પ.પૂ.આ.વિ. ધર્મસૂરિ મ.સા.



પ.પૂ.આ.વિ. ભક્તિસૂરિ મ.સા.



પ.પૂ.આ.વિ. સુબોધસૂરિ મ.સા.



તપાગચ્છસૂર્ય પ.પૂ. આ.દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.





પ.પૂ. નૂતન આચાર્યદેવશ્રી વિજય

રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

# શુભેચ્છક



**સ્વ. ભારતીબેનના આત્મશ્રેયાર્થે**
**રાજકોટ નિવાસી મલય ભરતભાઈ શાહ પરિવાર**

- શ્રી વાસુપૂજ્યસ્વામી ... જૈન ... ર, અમદાવાદ
- શ્રી કૃષ્ણનગર શ્વે ... દાવાદ ... ાવાદ
- પૂ. આ. શ્રી લબ્ધિસૂર ... ી લબ્ધિધામતીર્થ ... મતું શ્રી લબ્ધિધામતીર્થ ... તું શ્રી લબ્ધિધામતીર્થ

તીર્થ નિર્માતા : શ્રી ... ાવાદ ... ાદ

ડીઝાઈન :
જૈનમ્ ગ્રાફીક્સ
અમદાવાદ. ફોન-૨૫૬૨૭૪૫૯, મો. ૯૮૨૫૮ ૫૧૭૩૦